જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૮/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી ૧૩૫ લીટર દેશી દારૂ, ૩૫૭ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૬૪ બિયર ટીન, ૧ રીક્ષા અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી કુલ રૂપિયા ૯,૪૬૦/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૦/૧૪**

**નારણપુરા :** હેતલબહેન જુગલકિશોર ત્રીવેદી (રહે.આનંદ સોસાયટી, ભાડુઆતનગર મણીનગર) એ તા.૧૯/૮/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સુનિલભાઇ જૈન (ડાયરેક્ટર શ્રી બાલાજી કન્ઝ્યુમર પ્રોડક્ટ પ્રા.લી.) (રહે.હિરામણી ડુપ્લેક્ષ ગોગી રોડ, વડોદરા) એ સને ૨૦૧૩, જુલાઇ માસમાં દિવ્યભાસ્કર ન્યુઝપેપરમાં માણેકચંદ પાન મસાલાની એજન્સી તથા ડીસ્ટ્રીબ્યુટરની ફ્રેન્ચાઇઝી આપવાની લોભામણી જાહેરાત આપી હેતલબહેન પાસેથી રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- અને ભાગીદાર ભરતભાઇ પાસેથી રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- લઇ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૧/૧૪**

**રામોલ :** કિંજલબહેન નરેન્દ્રભાઇ સોલંકી (ઉ.વ.૧૭)(રહે.ન્યુ હિરાબાગ સોસાયટી, દરબારનગર પાસે, સી.ટી.એમ. રામોલ) ને તા.૧૪/૮/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી મિલીન શ્રીકાંત ઉરવ (રહે.સૌજન્યપાર્ક સોસાયટી, સી.ટી.એમ.વેરા પાસે, રામોલ રોડ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ કિંજલબહેનનાં પિતા નરેન્દ્રભાઇ સોલંકીએ તા.૧૯/૮/૧૪ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.દેસાઇ ચલાવે છે.

**સરદારનગર :** અનિતાબહેન હિરાભાઇ પટણી (ઉ.વ.૧૭)(રહે.જોગણીમાતાનાં મંદિરની સામે છાપરાંમાં, કોતરપુર સરદારનગર) ને તા.૧૫/૭/૧૪ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી રાકેશભાઇ ઉર્ફે મુકેશભાઇ અમરતભાઇ દંતાણી (રહે.શાંતીનગરનાં છાપરાં, મણીલાલની ચાલીની બાજુમાં, મેઘાણીનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ અનિતાબહેનનાં પિતા હિરાભાઇ પટણી એ તા.૧૯/૮/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૪૨/૧૪**

**એલીસબ્રીજ :** ફોરમબહેન હિરેશભાઇ રાણાવાળા (રહે.અપનાબજાર ગાંધીધામ કચ્છ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૮/૧૪ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે અનિલકુંજ કોમ્પલેક્ષ સ્વામીનારાયણ ટ્રાવેલ્સની ઓફીસના કાઉન્ટર પાસે, મુકેલ બેગની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. બેગમાં હિરાની વિંટી નંગ-૪ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- લેડીઝ ઘડીયાળ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- સોનાનું કડુ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૨,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૩/૧૪**

**દાણીલીમડા :** ઇશાખાન લાલખાન પઠાણ (રહે.અલમદીના સોસાયટી, ઠાકોરવાસ, સિમા રો હાઉસની બાજુમાં દાણીલીમડા) એ તા.૧૯/૮/૧૪ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૮/૧૪ બપોરનાં ૨/૦૦ વાગે બહેરામપુરા, અલ્લાહનગર ન્યુ ગાર્ડન સામે પાર્ક કરેલ પોતાની લોડીંગ રીક્ષા નંબર જીજ.૧.એ.ઝેડ.૮૮૭૪ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડામોર છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૧૪૪/૧૪**

**ઓઢવ :** ભાવનાબહેન મહેશભાઇ પટણી (ઉ.વ.૨૮)(રહે.બળીયાદેવનો ટેકરો, શક્તિનગર નિકોલ, ઓઢવ) એ કોઇ કારણસર તા.૧૯/૮/૧૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન સાંજનાં ૭/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ.આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**માધવપુરા :** પ્રશાંત નારાયણભાઇ દંતાણી (ઉ.વ.૨૦)(રહે.ગલાજીની ચાલી, સરકારી લીથો પ્રેસ, દુધેશ્વર રોડ) એ કોઇ કારણસર તા.૧૯/૮/૧૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.વી.મકવાણા ચલાવે છે.

**મેઘાણીનગર :** રામચંદ્ર નારાયણભાઇ જાદવ (ઉ.વ.૬૦)(રહે.બાબુસિંગની ચાલી, ન્યુ મેન્ટલ પાસે, મેઘાણીનગર) એ માનસિક તણાવના લીધે તા.૧૭/૮/૧૪ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા ઉમીયાનગર સર્કલ સામે પોતાની વંદના ટી સ્ટોલ દુકાનમાં એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૮/૧૪ રાતનાં ૧૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હિરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.